©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, SEPTEMBER 18, 2025 / BHADRA 27, 1947 [No. 38

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૩જી સપ્ટેમ્બર, ૨૦૨૫

નં. જીએચકેએચ-૧૨૮-૨૦૨૫-નસબ-૧૧-૨૦૧૧-૯૦૨-ચ (e-file: ACD/APM/e-file/2/2023/3485/CH): ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તા અન્વયે રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૨/૦૮/૨૦૦૪ના હુકમ ક્રમાંક: નસબ/ફડચ/ઝ-૭/૨૪૪૭/૦૪ થી શ્રી પટણી કો.ઓ. બેંક લી. (ફડચામાં) વડોદરાને ફડચામાં લઈ જવામાં આવેલ. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ મુજબ ફડચાના હુકમથી ત્રણ વર્ષમાં ફડચાની કાર્યવાહી આટોપી લેવાની રહે છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે સદરહુ સંસ્થાની ફડચાની મુદત રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વખતોવખતના હુકમોથી તા.૦૧/૦૮/૨૦૧૧ સુધી વધારવામાં આવેલ હતી. પરંતુ સદરહુ મુદત વધારા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ ન હતી. ત્યારબાદ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અન્વયે રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના વખતોવખતના જાહેરનામાથી તા.૦૧/૦૮/૨૦૨૫ સુધી મુક્તિ આપવામાં આવેલ હતી. પરંતુ સદરહુ સમયગાળા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ નથી.

શ્રી પટણી કો.ઓ. બેંક લી., (ફડચામાં) વડોદરાને ફડચાની કાર્યવાહી આટોપવા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઇ હેઠળ તા.૦૨/૦૮/૨૦૨૫ થી તા.૦૧/૦૮/૨૦૨૭ સુધી મુદત લંબાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુલદીપસિંહ મકવાણા,

સરકારના ઉપસચિવ (ધિરાણ).

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૩જી સપ્ટેમ્બર, ૨૦૨૫

નં. જીએચકેએચ-૧૩૨-૨૦૨૫-નસબ-૧૧-૨૦૧૮-૧૧૧૦-ચ (e-file: ACD/APM/e-file/2/2023/4231/CH): ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તા અન્વયે રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૩/૦૯/૨૦૧૦ના હુકમ ક્રમાંક: નસબ/ફડચ/ઝ-૧૦/૧૬૪૩/૨૩૪૨/૨૦૧૦થી ધી અન્યોન્ય કો-ઓપ.બેંક લી. (ફડચામાં) વડોદરાને ફડચામાં લઈ જવામાં આવેલ. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ મુજબ ફડચાના હુકમથી ત્રણ વર્ષમાં ફડચાની કાર્યવાહી આટોપી લેવાની રહે છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે સદરહુ સંસ્થાની ફડચાની મુદત રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગરના વખતોવખતના હુકમોથી તા.૦૨/૦૯/૨૦૧૮ સુધી વધારવામાં આવેલ હતી. પરંતુ સદરહુ મુદત વધારા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ ન હતી. ત્યારબાદ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અન્વયે રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના વખતોવખતના જાહેરનામાથી તા.૦૨/૦૯/૨૦૨૪ સુધી કલમ-૧૬૧ હેઠળ મુક્તિ આપવામાં આવેલ હતી. છેલ્લે તા.૨૦/૦૮/૨૦૨૪ના જાહેરનામાથી તા.૦૨/૦૯/૨૦૨૫ સુધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) હેઠળ મુદત વધારો આપેલ હતો. પરંતુ સદરહુ સમયગાળા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ નથી.

ધી અન્યોન્ય કો-ઓપ.બેંક લી. (ફડચામાં) વડોદરાને ફડચાની કામગીરી પૂરી કરવા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઇ હેઠળ તા.૦૩/૦૯/૨૦૨૫ થી તા.૦૨/૦૯/૨૦૨૭ સુધી મુદત લંબાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુલદીપસિંહ મકવાણા,

સરકારના ઉપસચિવ (ધિરાણ).

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૩જી સપ્ટેમ્બર, ૨૦૨૫

નં. જીએચકેએચ-૧૩૩-૨૦૨૫-નસબ-૧૧-૨૦૧૭-૧૩૮૩-ચ (e-file no: ACD/APM/2/2023/4357/ch): ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તા અન્વયે રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૨૨/૧૦/૨૦૦૯ના હુકમ ક્રમાંક: નસબ/ફડચ/ઝ-૪/૧૧૫૦/૨૭૬૦/૦૯થી ધી સુરત મહિલા નાગરિક સહકારી બેંક લી., સુરતને ફડચામાં લઈ જવામાં આવેલ. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ મુજબ ફડચાના હુકમથી ત્રણ વર્ષમાં ફડચાની કાર્યવાહી આટોપી લેવાની રહે છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે સદરહુ સંસ્થાની ફડચાની મુદત રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વખતોવખતના હુકમથી તા.૨૧/૧૦/૨૦૧૭ સુધી વધારવામાં આવેલ હતી. પરંતુ સદરહુ મુદત વધારા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ ન હતી. ત્યારબાદ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અન્વયે રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના વખતોવખતના જાહેરનામાથી તા.૨૧/૧૦/૨૦૨૪ સુધી કલમ ૧૬૧

હેઠળ મુક્તિ આપવામાં આવેલ હતી. છેલ્લે તા.૨૬/૦૯/૨૦૨૪ ના જાહેરનામાથી આ જ અધિનિયમની કલમ-૧૧૪(૧)ની સુધારેલ જોગવાઇ હેઠળ તા.૨૧/૧૦/૨૦૨૫ સુધી મુદત વધારો આપવામાં આવેલ હતો. પરંતુ સદરહુ સમયગાળા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ નથી.

આથી, ધી સુરત મહિલા નાગરિક સહકારી બેંક લી., સુરતને ફડચાની કામગીરી આટોપવા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઇ હેઠળ તા.૨૨/૧૦/૨૦૨૫ થી તા.૨૧/૧૦/૨૦૨૭ સુધી મુદત લંબાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુલદીપસિંહ મકવાણા,

સરકારના ઉપસચિવ (ધિરાણ).

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.09.18 15:39:14 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar